પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૮૫ • કુલ પાના : ૪ • તારીખ : ૦૧-૧૨-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પ્રથમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપ્યો

### ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠક માટે આજે મતદાન યોજાશે હાલમાં મતદારોને રીઝવવા રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને આપ ડોર ટુ ડોર પ્રચાર અને ખાટલા બેઠક કરી રહ્યાં છે. આવતીકાલે ૧ ડિસેમ્બરે ૮૯ બેઠકો માટે મતદાન યોજાશે જેમાં કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાનો સમાવેશ થાય છે પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨ કરોડ ૩૯ લાખ ૭૬ હજાર ૬૭૦ મતદારો મતદાન કરશે.જેમાં ૬ લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે. પ્રથમ તબક્કામાં ૭૮૮ ઉમેદવારો મેદાનમાં છે.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ આ વિશે માહિતી આપતા કહ્યું કે, પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાઓમાં મતદાન થશે. સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર મતદાન થશે. કુલ ૯૯૮ ઉમેદવારો મેદાન છે. કુલ ૨ કરોડ ૧૩ લાખ મતદારો મતદાન કરશે, જેમાંથી ૧ કરોડ ૧૫ લાખ મહિલા મતદારો છે. ૬ લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ૧૬૩ એનઆરઆઈ મતદારો છે. ૧૪,૩૮૨ મતદાન મથકો પર મતદાન થશે. ૫૦ ટકા મતદાન મથકો પર વેબ કાસ્ટીંગ થશે. શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર ખાતે કંટ્રોલ રૂમ તૈયાર કરાયો છે. બે દિવસ પહેલા



વોટર માહિતીની સ્લીપનું વિતરણ કરી દેવાયું છે. આજે સાંજે ૫ વાગ્યાથી પહેલા તબક્કાનું પ્રચાર બંધ થશે. ૫,૨૨૯ ફરિયાદ અત્યાર સુધી ચૂંટણી પંચને મળી છે. અત્યાર સુધી ૯ ફરિયાદ મળી, જેમાં પોલીસ ફરિયાદ કરી છે.

ચૂંટણી પંચે પ્રથમ તબક્કાના મતદાનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે.મતદાન ગુરૂવારે સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી થશે. પ્રથમ તબક્કામાં કુલ પ્રથમ તબક્કામાં ૩૯ રાજકીય પક્ષો વચ્ચે જંગ છે. પ્રથમ તબક્કા માટે ૨૫ હજાર ૪૩૦ મતદાન મથકો રહેશે. અને કુલ ૩૪,૩૨૪ ઈવીએમ અને ૩૮,૭૪૯ વીવીપીએટી મશીનોમાં મતદાન થશે. ચૂંટણી પંચની દેખરેખમાં તમામ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થશે.વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન નિષ્પક્ષ અને કોઈ અનિચ્છનિય બનાવ વિના પૂર્ણ થાય તે માટે પોલીસ અને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ, એસઆરપી જવાનોનો જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવશે. મતદાનના દિવસે પોલીસ બેડાના અધિકારીઓ, સીએપીએફની કંપની, એસઆરપીની ટૂંકડી ઉપરાંત સાડા ચાર હજારથી વધુ પોલીસ, હોમગાર્ડ, જીઆરડી જવાનો કાયદો-વ્યવસ્થાની જવાબદારી સંભાળી લોકશાહીના મહાપર્વને નિર્વિઘ્ને પાર પાડશે. ભાવનગર-બોટાદ જિલ્લામાં સ્થાનિક પોલીસ તંત્ર ઉપરાંત બીજા તબક્કાની ચૂંટણીવાળા જિલ્લામાંથી પોલીસના ધાડેધાડે ભાવનગરમાં ઉતર્યા છે. જિલ્લામાં સાત વિધાનસભા બેઠકના મતદાન માટે ૧૮૬૮ મતદાન મથકો ઉભા કરાયા છે. આ મતદાન મથકો ઉપર કોઈ પણ અસામાજિક તત્ત્વો કે રાજકીય પક્ષો મતદારોને ધમકાવી, દબાણ કરી ન શકે તે માટે પોલીસનો અભેદ લોખંડી બંદોબસ્ત જળવાઈ રહેશે. જેના માટે વિધાનસભા ચૂંટણીના મતદાનના દિવસે કુલ આઈપીએસ ઓફિસર્સના માર્ગદર્શન નીચે આઠ ડિવાયએસપી, ૧૪ પોલીસ ઈન્સ્પેક્ટર, ૩૯ પોલીસ સબ ઈન્સેક્ટર, મહિલા-પુરૂષ મળી ૨૧૩૦ પોલીસ જવાનો, ૨૪૫૭ હોમગાર્ડ-જીઆરડી, સીએપીએફ (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ)ની ૩૭ કંપની અને ત્રણ એસઆરપીની કંપનીને ચૂંટણી બંદોબસ્ત સોંપવામાં આવી છે. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તાર-મતદાન બુથો પર ફોર્સના જવાનોની તૈનાતી રહેશે. આ ઉપરાંત સ્થાનિક પોલીસ, એલસીબી, એસઓજીની ટીમો સતત પેટ્રોલીંગ કરશે.

ઉલ્લેખનિય છે કે, આરઆરપી, સીએપીએફ જવાનોની ટૂંકડી ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પોલીસનો કાફલો આવી પહોંચ્યો છે. આવતીકાલે મતદાન સીટો-બુથો, વિસ્તારોમાં પોલીસ-ફોર્સના જવાનો ચૂંટણી ડ્યૂટી માટે પહોંચી જશે. ૧લી ડિસેમ્બરને ગુરૂવારે સાંજે મતદાન પૂર્ણ થયા બાદ તમામ મતદાન બુથો પરથી પોલીસ-ફોર્સની સુરક્ષા વચ્ચે ઈવીએમને સ્ટ્રોંગ રૂમ સુધી પહોંચાડવામાં આવશે.

## વડોદરામાંથી આશરે ૫૦૦ કરોડનું ઝડપાયું ડ્રગ્સ : અમદાવાદ, કચ્છ અને મુંબઇ સુધી કારોબાર ફેલાયો હતો

વડોદરા,

ગુજરાત એટીએસને ફરીથી મોટી સફળતા મળી છે. વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં એટીએસ દ્વારા સિંઘરોટ વિસ્તારમાં ચાલતા જાણીતા ફાર્મની પાછળનાં ખેતરમાં આવેલા ગોડાઉનમાંથી અંદાજે ૫૦૦ કરોડનું ડ્રગ્સ કબ્જે કરવામાં આવ્યું છે. આમાં સોલિડ અને લિકવિડ બંને કબજે કરવામાં આવ્યું છે.



આ અંગે મળતી માહિતી પ્રમાણે, વડોદરા શહેર અને ગ્રામ્ય એમ બે ફેક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં સામે આવ્યું હતુ કે, ગોડાઉનમાં ડ્રગ્સનું રો મટીરિયલ બનાવવામા આવતુ હતુ. આ રો મટીરિયલને અમદાવાદ, મુંબઈ, કચ્છ મોકલવામાં આવતું હતુ. રો મટીરિયલને ટેબ્લેટ ફોર્મમાં વેચાણ કરાતુ હતુ. આ ગોરખ ધંધો આસરે એક મહિનાથી ચલાવવામાં આવતો હતો.

આ કેસમાં અત્યાર સુધી ગુજરાત એટીએસ દ્વારા ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે એક આરોપીની અટકાયત કરી લેવામાં આવી છે. હાલ આરોપીઓ સાથે પૂછપરછ કરવામાં આવી રહી છે. જેમાં મોટા ખુલાસા થવાની શક્યતા વધુ ગઈ છે.

ગુજરાત એટીએસની ટીમે વડોદરા જિલ્લા પોલીસ ટીમની મદદ સાથે રાતના ૮.૩૦ની આસપાસ રેઈડ કરી હતી. આ દરોડોમાં ચારથી પાંચ લોકોની અટકાયત કર્યાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટીમે રાત્રિના અંધારામાં ત્યાં દરોડા પાડ્યા હતા. આ સમગ્ર વિસ્તારને ચારે બાજુથી ઘેરીને એટીએસની ટીમે આ ગોડાઉનમાં ઘૂસી જઈને અંદર તપાસ શરૂ કરી હતી. અહીં દરોડા પાડ્યા તે પહેલા મંગળવારે એસજીએસટી વિભાગની ઈન્વેસ્ટિગેટિવ વિંગ અને એટીએસ દ્વારા અમદાવાદ, ભાવનગર, વડોદરા, ભરૂચ, સુરત, અને ગાંધીધામમાં ૪૪ જેટલી પેઢીઓના ૬૪ સ્થળે સર્ચ હાથ ધરાયું હતુ.

આપને જણાવીએ કે, ઓગસ્ટ મહિનામાં પણ વડોદરામાંથી ગુજરાત એટીએસે ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. વડોદરાના સાવલની મોકસી ગામમાં ATS દરોડા પાડ્યા હતા. જે બાદ એજન્સીએ અહીંથી કરોડો રુપિયાની કિંમતનું ડ્રગ્સ ઝડપી પાડ્યુ હતુ. આ સિવાય આ કેસમાં એજન્સીએ કેટલાંક આરોપીઓની પણ ધરપકડ કરી હતી. એજન્સીએ સુરતના મુખ્ય આરોપી મહેશ વૈષ્ણવની પણ ધરપકડ કરી હતી. તપાસમાં એવું સામે આવ્યું હતું કે, આરોપી મહેશ વૈષ્ણવ લક્ઝુરિયસ લાઈફ સ્ટાઈલ જીવતો હતો. ત્યારે ATSએ આરોપી મહેશ વૈષ્ણવના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ.

### ૮૨ ડોલર સુધી ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા

## કંપનીઓને થયેલા નુકસાનની ભરપાઈ થઈ ગઈ : પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૪ રૂપિયા સુધી ઘટી શકે છે

નવીદિલ્હી,

ક્રૂડ ઓઈલના ભાવ ઓછા થવાના કારણે દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૧૪ રૂપિયા સુધીનો ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત જાન્યુઆરીથી નિચલા સ્તરે છે. હવે તે ૮૧ ડોલરથી પણ નીચે આવી ગયો છે. અમેરિકી ક્રૂડ ઓઈલ અંદાજે ૭૪ ડોલર પ્રતિ બેરલ છે. મે પછી પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડાથી ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ઘટીને બેરલ દીઠ ઈ૮૨ થઈ ગઈ છે. માર્ચમાં તે ઈ૧૧૨.૮ હતી. તે મુજબ ૮ મહિનામાં રિફાઈનિંગ કંપનીઓ માટે ક્રૂડ ઓઈલની કિંમતમાં ઈ૩૧ (૨૭%)નો ઘટાડો થયો છે. એસએમસી ગ્લોબલના જણાવ્યા પ્રમાણે, દેશની ઓઈલ કંપનીઓ ક્રૂડમાં દર ૧ના ઘટાડા માટે રિફાઈનિંગ પર પ્રતિ લિટર ૪૫ પૈસા બચાવે છે. તે મુજબ પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૪ રૂપિયા પ્રતિ લીટર ઓછો





હોવો જોઈએ. જો કે, નિષ્ણાતોના મતે, સમગ્ર ઘટાડો એક જ વારમાં નહિ કરવામાં આવે. અત્યારે દેશમાં પેટ્રોલ-ડીઝલની જે કિંમતો છે, તે પ્રમાણે તો ક્રૂડ ઓઈલનું ઈન્ડિયન બાસ્કેટ અંદાજે ૮૫ ડોલર પ્રતિ બેરલ હોવો જોઈએ, પરંતુ તે ૮૨ ડોલરની આસપાસ આવી ગયો છે. આ ભાવ પર ઓઈલ માર્કિંગ કંપનીઓ પ્રતિ બેરલ (૧૫૯ લીટર) રિફાઈનિંગ પર અંદાજે ૨૪૫ રૂપિયા બચાવશે. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પૂરીએ જણાવ્યું હતું કે સરકારી ઓઈલ કંપનીઓને પેટ્રોલ વેંચાણ પર હવે પ્રોફઈટ થવા લાગ્યો છે. પરંતુ ડીઝલ પર હજુ પણ ૪ રૂપિયા પ્રતિ લીટર સુધીનું નુકસાન થઈ રહ્યું છે. ત્યારથી અત્યારસુધીમાં બ્રેંટ ક્રૂડ અંદાજે ૧૦% સસ્તું થઈ ગયું છે. તેવામાં કંપનીઓ ડીઝલમાં પણ નફો કરી રહી છે. પેટ્રોલિયમ નિષ્ણાત નરેન્દ્ર તનેજાએ જણાવ્યું હતું કે બ્રેન્ટ ઝડપથી ૭૦ તરફ આગળ વધી રહ્યું છે. આનાથી ચોક્કસપણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થશે, પરંતુ તેમાં થોડો સમય લાગશે. તેલની આયાતથી રિફાઈનિંગ સુધીનું ચક્ર ૩૦ દિવસનું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતમાં ઘટાડો થયાના એક મહિના પછી આની અસર જોવા મળશે.દેશમાં તેલના ભાવ છેલ્લા લગભગ ૬ મહિનાથી લગભગ સ્થિર છે. જોકે જુલાઈમાં મહારાષ્ટ્રમાં પેટ્રોલ ૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ ૩ રૂપિયા પ્રતિ લિટર સસ્તું થયું હતું, પરંતુ અન્ય રાજ્યોમાં કિંમતો યથાવત છે. ભારત તેની જરૂરિયાતના ૮૫% કરતાં વધુ ક્રૂડ ઓઈલ બહારથી ખરીદે છે. આની કિંમત આપણે ડોલરમાં ચૂકવવી પડે છે. આવી સ્થિતિમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો અને ડોલરની મજબૂતીથી પેટ્રોલ અને ડીઝલ મોંઘા થઈ ગયા છે. ક્રૂડ ઓઈલ બેરલમાં આવે છે. એક બેરલ એટલે ૧૫૯ લિટર ક્રૂડ ઓઈલ થયું. જુન ૨૦૧૦ સુધી સરકાર પેટ્રોલની કિંમત નક્કી કરતી હતી અને દર ૧૫ દિવસે તેમાં ફેરફાર થતો હતો. ૨૬ જૂન, ૨૦૧૦ પછી સરકારે પેટ્રોલના ભાવ નક્કી કરવાનું કામ તેલ કંપનીઓ પર છોડી દીધું. એ જ રીતે ઓક્ટોબર ૨૦૧૪ સુધી સરકાર ડીઝલના ભાવ નક્કી કરતી હતી. ૧૯ ઓક્ટોબર ૨૦૧૪થી સરકારે આ કામ ઓઈલ કંપનીઓને સોંપી દીધું હતું. હાલમાં ઓઈલ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત, એક્સચેન્જ રેટ, ટેક્સ, પેટ્રોલ અને ડીઝલના ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને અન્ય ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને પેટ્રોલ અને ડીઝલની કિંમત રોજ નક્કી કરે છે.

## ભારત-ઓસ્ટ્રેલિયા વેપાર કરારની તારીખ નક્કી, ડિસેમ્બર ૨૯ થી લાગુ થશે

નવીદિલ્હી,

ઓસ્ટ્રેલિયા-ભારત ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે. ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર બેરી ઓ'ફેરેલે બુધવારે આ જાહેરાત કરી હતી. એમ્બેસેડર ઓ'ફેરેલે ટ્વિટ કર્યું, "તારીખ નક્કી થઈ ગઈ છે! ઑસ્ટ્રેલિયા-ભારત આર્થિક સહકાર અને વેપાર કરાર ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે, જે બંને દેશો માટે નવી બજાર ઍક્સેસની તકો પ્રદાન કરશે અને આવનારા દાયકાઓ સુધી મિત્રતા સુરક્ષિત કરશે." ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસના નિવેદનના એક સપ્તાહ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ભારત સાથે દેશનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે. અલ્બેનીઝે ૨૨ નવેમ્બરના રોજ ટ્વિટ કર્યું, "બ્રેકીંગઃ ભારત સાથેનો અમારો મુક્ત વેપાર કરાર સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો છે." આજે એક અખબારી નિવેદનમાં અલ્બેનીઝ સરકારે કહ્યું કે તે પુષ્ટિ કરે છે કે ભારત સરકારે ઓસ્ટ્રેલિયા-ભારત આર્થિક સહકાર અને વેપાર કરારના અમલીકરણ માટે તેની સ્થાનિક જરૂરિયાતોને પૂર્ણ કરી છે. આ વેપાર કરાર બંને દેશોને એકબીજાના માર્કેટમાં નવી પહોંચ આપશે. આ કરાર ઓસ્ટ્રેલિયન વ્યવસાયો અને ગ્રાહકો માટે ૨૯ ડિસેમ્બરથી અમલમાં આવશે. ઑસ્ટ્રેલિયાની સંસદે ગયા અઠવાડિયે વેપાર સોદા માટે તેની સ્થાનિક જરૂરિયાતોને અંતિમ સ્વરૂપ આપ્યું હતું, જેમાં સરકારે સર્વસંમતિથી વેપાર સોદા સંબંધિત બિલ પસાર કર્યા હતા.

### ફોર્મેટ : સી-૧

### ( ઉમેદવારો માટે અ અખબારો, ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે )

### ફોજદારી કેસો અંગેનો એકરાર

(રીટ પીટીશન (દિવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

ઉમેદવારનું નામ : બદામ મો. સઈદ યુસુફ
સરનામું : મીઠીખાન મહોલ્લા, વ્હોરવાડ ગોધરા, તા.ગોધરા, જી.પંચમહાલ.
રાજકીય પક્ષનું નામ : અપક્ષ
ચુંટણીનું નામ : ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૨૨
મતદાર વિભાગનું નામ : ૧૨૬-ગોધરા વિધાનસભા મતદાર વિભાગ

હું **બદામ મો.સઈદ યુસુફ** ઉપરોક્ત દર્શાવેલ ચુંટણી માટેનો ઉમેદવાર, મારા ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશેની નીચેની વિગતોનો જાહેર જાણકારી માટે એકરાર કરું છું.

(એ) પડતર ફોજદારી કેસ

| ક્રમ | અદાલતનું નામ | કેસનો નંબર અને તારીખ | કેસની સ્થિતી | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના(ઓ)નું સંક્ષિપ્ત વિવરણ |
|---|---|---|---|---|
| ૧. | ગોધરા સેશન્સ કોર્ટ, ગોધરા, જી.પંચમહાલ | કેસ.નંબર ૬૫/૨૦૨૨ બી ડીવીઝન, ગોધરા ફ.ગુ.ર.નંબર ૧૨૦૮/૨૦૨૦ | કેસ ચાલુ છે. | IPC કલમ - ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ ગુજરાત બોમ્બે પોલીટીક એક્ટ ૧૯૫૧ થી કલમ-૧૩૫ ગોધરા સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન |

(એ) ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસ અંગેની વિગતો.

| ક્રમ નં. | અદાલતલનું નામ તથા હુકમ | ગુનો (ગુનાઓ) અને સાગુ થયેલી સજાનું વિવરણ | આપવામાં આવેલ મહત્તમ સજા |
|---|---|---|---|
| | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

## વડાપ્રધાન મોદી આજે અમદાવાદમાં ધૂંઆધાર પ્રચાર કરશે ! પ્રથમ વાર ૩૦ કિમી લાંબો રોડ શો

### નરેન્દ્ર મોદી ૩ જનસભા ગજવશે. જેમાં છોટાઉદેપુર, કાલોલ, હિંમતનગરમાં સભા ગજવશે

અમદાવાદ,

સુરતની જેમ અમદાવાદમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતની જેમ જ અમદાવાદમાં પણ દમદાર પ્રચાર કરવાના છે. આવતીકાલે તેમના ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યુ છે.મળતી માહિતી પ્રમાણે, આવતીકાલે બપોર બાદ પીએમ મોદીનો રોડ શો યોજવાની શહેર ભાજપની તૈયારીઓ છે. ૩૦ કિલોમીટર લાંબા રોડ શોમાં પીએમ મોદી અમદાવાદની તમામ વિધાનસભા બેઠકો આવરી લેશે.

બીજા તબક્કામાં અમદાવાદની તમામ બેઠકોનું મતદાન થવાનું છે. ત્યારે અમદાવાદની તમામ બેઠકોને આવરી લેવાય તેવા ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યુ છે. જો કે ભાજપ દ્વારા હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પણ અત્યારે જે આયોજન કરવામાં આવી રહ્યુ છે તે પ્રમાણે ૩૦ કિલોમીટરના રોડ શોની તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેમાં અમદાવાદની તમામ બેઠક પરથી રોડ શો પસાર થશે. ત્યાર બાદ જંગી જનસભાનું પણ આયોજન



કરવામાં આવ્યુ છે. જો કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને હજુ સુધી કોઈ સત્તાવાર પરવાનગી નથી મળી. જો પરવાનગી મળશે તો પહેલી વખત વડાપ્રધાન મોદી અમદાવાદમાં ૩૦ કિલોમીટરનો રોડ શો કરશે.

જે રીતે સુરતમાં રોડ શો થયો હતો અને અમદાવાદમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ રોડ શો કર્યો. તે પરથી લાગી રહ્યુ છે કે ભાજપ રોડ શો થકી શહેરી વિસ્તારોમાં વધુમાં વધુ વિસ્તારોને આવરી લેવા માગે છે. શહેરી વિસ્તારોમાં ભાજપ દ્વારા આ પહેલા અને આ રીતે શક્તિ પ્રદર્શન કરવામાં આવતુ ન હતુ. પરંતુ આ વખતે પહેલી વાર ભાજપ ગ્રામ્ય વિસ્તારોની સાથે શહેરી વિસ્તારોમાં પણ શક્તિ પ્રદર્શન કરી રહ્યુ છે.મહત્વનું છે કે, ૧ ડિસેમ્બર એટલે કે આવતીકાલે પ્રથમ તબક્કાનું મતદાન થવાનું છે. ત્યારે વડાપ્રધાન બીજા તબક્કાના મતવિસ્તારો પર હવે ફોકસ કરી રહ્યા છે. અમદાવાદમાં બીજા તબક્કામાં મતદાન થવાનું છે. જેથી અમદાવાદની બધી બેઠકોને આવરી લેવાય તેવા શક્તિ પ્રદર્શનનું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.એ યાદ રહે કે ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે ચૂંટણીનો પ્રચાર પડઘમ શાંત થઈ ચૂક્યો છે અને આવતીકાલે મતદાન થવાનું છે ત્યારે હવે બીજા તબક્કામાં ચૂંટણી પ્રચાર શરૂ થયો છે અને તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર આવતીકાલથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

આવતી કાલથી બે દિવસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં આવી રહ્યા છે અને બીજા તબક્કા માટે બે દિવસ ગુજરાતમાં પ્રચંડ પ્રચાર કરશે. આવતી કાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩ જનસભા ગજવશે. જેમાં છોટાઉદેપુર, કાલોલ, હિંમતનગરમાં સભા ગજવશે. એટલું જ નહીં, અમદાવાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ શો યોજાશે. ત્યારે મોદીને આવકારવા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, આવતીકાલે બપોર બાદ પીએમ મોદીનો રોડ શો યોજવાની શહેર ભાજપની તૈયારીઓ છે. ૩૦ કિલોમીટર લાંબા રોડ શોમાં પીએમ મોદી અમદાવાદની તમામ વિધાનસભા બેઠકો આવરી લેશે.

બીજા તબક્કામાં અમદાવાદની તમામ બેઠકોનું મતદાન થવાનું છે. જો કે સુરક્ષાને ધ્યાનમાં રાખીને હજુ સુધી કોઈ સત્તાવાર પરવાનગી મળી નથી. જો પરવાનગી મળશે તો પહેલી વખત વડાપ્રધાન મોદી અમદાવાદમાં ૩૦ કિલોમીટરનો રોડ શો કરશે. આવતીકાલે બપોરે ૩ કલાકે મોદી રોડ શો યોજવાના છે. નરોડાથી શરુ કરીને ચાંદખેડા સુધી રોડ શો યોજવાનો છે. શહેરની તમામ બેઠક આવરી લેવાય એ રીતે પીએમના રોડ શોનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે.

નરોડા ગામ- બેઠક -નરોડા પાટિયા સર્કલ - કૃષ્ણનગર ચાર રસ્તા હીરાવાડી -સુહાના રેસ્ટોરન્ટ- શ્યામ શિખર ચાર રસ્તા - બાપુનગર ચાર રસ્તા- ખોડિયારનગર - BRTS રૂટ વિરાટનગર - સોનીની ચાલી- રાજેન્દ્ર ચાર રસ્તા -રબારી કોલોની- ઝ્સ્થી જમણી બાજુ - હાટકેશ્વર ચાર રસ્તા- ખોખરા સર્કલ- અનુપમ બ્રિજ- પંડિત દિન દયાલ ઉપાધ્યાય પ્રતિમા - ફૂટબોલ ગ્રાઉન્ડ- ભુલાભાઈ ચાર રસ્તા- ડાબી બાજુ- શાહ - આલમ ટોલનાકા - દાણીલીમડા ચાર રસ્તા- મંગલ વિકાસ ચાર રસ્તા- ખોડિયારનગર બહેરામપુરા- ચંદ્રનગર - ધરણીધર ચાર રસ્તા- જીવરાજપાર્ક ચાર રસ્તા- શ્યામલ ચાર રસ્તા- શિવરંજની ચાર રસ્તા- હેલ્મેટ ચાર રસ્તા છઈઝ ચાર રસ્તા- પલ્લવ ચાર રસ્તા- પ્રભાત ચોક - પાટીદાર ચોક અખબારનગર ચાર રસ્તા- વ્યાસવાડી - ડી માર્ટ – આર.ટી.ઓ સર્કલ સાબરમતી પાવર હાઉસ - સાબરમતી પોલીસ સ્ટેશન - વિસત ચાર રસ્તા - જનતાનગર ચાર રસ્તા - IOC ચાર રસ્તા ચાંદખેડા છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# સંતરામપુર નગરપાલિકા દ્વારા ૨૦૦૫ માં બનાવેલું જાહેર શૌચાલય ખંડેર અવસ્થામાં



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગર પાલિકા દ્વારા મામલતદાર કમ્પાઉન્ડમાં શહેરી વિકાસ યોજના માંથી માત્તબર રકમ ખર્ચ કરીને લોકો માટે બનાવવામાં આવેલું હતું, પરંતુ જાહેર શૌચાલય ૨૦૦૮માં તેને બનાવવામાં આવેલું હતું પરંતુ આજ દિન સુધી તેનો ઉપયોગ કરવામાં આવેલો જ નથી. કોબી પ્રકારની જાળવણી રાખવામાં આવતી નથી. જાહેર શૌચાલય બનાવ્યા ૧૫ વર્ષ હજુ સુધી તેનો ઉપયોગ કરી શકાતો જ નથી. સંતરામપુર મામલતદાર કચેરીમાં મોટી સંખ્યામાં ગ્રામ્ય વિસ્તારો માંથી મહિલાઓને પુરૂષ કચેરીને કામ માટે આવતા હોય છે. આ જાહેર શૌચાલય તેમના હેતુથી ઉપયોગ કરવા માટે બનાવવામાં આવેલો હતો પરંતુ પરિસ્થિતિ અલગ જ જોવાઈ રહેલી છે. શૌચાલન ચારેય બાજુ જાહેરમાં જ મામલતદાર કચેરી કંપાઉન્ડમાં સોસ કરે છે અને તેનું તમામ પ્રકારનું દુર્ગંધ ઓફિસમાં ચારે બાજુ ફેલાતું હોય છે. સ્વચ્છ ભારત સ્વચ્છ મિશન નગર પાલિકાની સ્વામી અને મામલતદાર કચેરીમાં જ કંપન હોલમાં ખંડેર અવસ્થામાં પરિસ્થિતિ જોવાયેલી છે. આવતા લોકો શૌચાલાયની ઓટલા ઉપર જ સોસ કરતા હોય છે. આ બધી બેદરકારી નગર પાલિકાની જોગવાઈ રહેલી છે. પાલિકા બનાવ્યા પછી આજીદીન સુધી તેની સામે જોયું જ નથી. મોટી સંખ્યામાં જાહેર શૌચાલય કરવા જવા માટે અરજદારોને ભારે હાલ લખી ભોગવી પડતી હોય છે. તેમ છતાં પાલિકા આ બાબતની ગંભીરતા લેવા તૈયાર જ નથી.

# મતદાન જાગૃત્તિની સ્વીપ એક્ટીવીટી અંતર્ગત યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

અવસર લોકશાહીનો અભિયાન તેમજ મતદાન જાગૃત્તિની સ્વીપ એક્ટીવીટી અંતર્ગત રાજ્યભરમાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. મહીસાગર જિલ્લામાં પણ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ કાર્યક્રમના ભાગરૂપે સ્વીપ એક્ટીવીટી અંતર્ગત કડાણા તાલુકાના કન્યા નિવાસી શાળા લીંભોલા ખાતે સ્વીપ એક્ટીવીટી અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ માટે મતદાર જાગૃતિ અંતર્ગત ચિત્ર સ્પર્ધા કાર્યક્રમ યોજાયો હતો. શાળાના આચાર્ય માર્ગદર્શન તેમજ શાળા પરિવારના તમામ શિક્ષકોના સહયોગથી વિદ્યાર્થીઓને ચૂંટણીલક્ષી તમામ બાબતોથી પરિચિત કરાવવાના હેતુ સાથે ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી.

શાળા પરિવાર દ્વારા "ચિત્ર સ્પર્ધા" મતદાન જાગૃતતા સંદર્ભે બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં બાળકો તો જાગૃત થશે જ સાથે સાથે પોતાના વાલીઓને પણ મતદાનના મહત્વ વિશે સમજાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકશાહીના આ પર્વમાં પ્રત્યેક નાગરિકનો મત ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. જે અંગે શિક્ષકો દ્વારા બાળકોને ચૂંટણીલક્ષી સમજ પુરી પાડી ખુબ જ સરાહનીય કામગીરી કરાઈ હતી.

# મહીસાગર જિલ્લામાં વી.ડી. માચાવંશી હાઈસ્કૂલ ખાતે શાળાના બાળાઓ દ્વારા મોકપોલ પ્રદર્શન યોજાયો



મહીસાગર,

આગામી ગુજરાત વિધાનસભાની ચુંટણી-૨૦૨૨ને ધ્યાનમાં રાખી મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટિઝ અંતર્ગત જુદા જુદા પ્રકારની જનજાગૃતિ અર્થેની પ્રવૃતિ કરવામાં આવી રહી છે.

લોકશાહીને મજબુત બનાવવા દરેક મતદારો પોતાની ફરજ બજાવીને અચુક મતદાન કરે તે માટે જાગૃતી લાવવા શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રયાસો કરી રહ્યા છે. સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત મહીસાગર જિલ્લાની વી.ડી. માચાવંશી હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિની થીમ આધારીત મોકપોલ યોજવામાં આવી હતી. અને જાણે કે વાસ્તવિક મતદાન યોજાઈ રહ્યું હોય તે રીતે અમુક બાળકો મતદાતા બન્યા અને અન્ય બાળકો ચુંટણી કામગીરી કરતા કર્મચારી અને અધિકારીઓ બન્યા. આમ, ચુંટણી પંચના તમામ નિયમોનુ તથા ચાઈડલાઈન મુજબ મતદાનની પ્રક્રીયા થાય તે રીતે મોકપોલનું આયોજન થંયુ. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# દાહોદ વડોદરા વચ્ચે સુપર ફાસ્ટ ટ્રેનમાંથી મહારાષ્ટ્રની મહિલાના પર્સની ઉઠાતરી

દાહોદ,

દાહોદ નજીક ટ્રેનમાંથી મુંબઈની મહિલા મુસાફર મીઠી નીંદર માણી રહી હતી. તે સમયે અજાણ્યા તસ્કરે રોકડ રકમ અને મોબાઈલ ફોન મળી ૫૬ હજારના મુદ્દામાલની બેગની ચોરી કરી ફરાર થઈ જતા આ મામલે રેલ્વે પોલીસે ફરિયાદ નોંધાઈ છે.

મહારાષ્ટ્રના મુંબઈના શિવાજી નગર ખાતે રહેતા હલીમ એજાજ અંસારી રાજસ્થાનના અજમેરથી પરત મુંબઈ જવા માટે રિઝર્વેશન ટિકિટ મારફતે અજમેર બાંદ્રાના કોચ નંબર એસ ૩ સીટ નંબર ૬૦,૬૧,૬૨ ઉપર પરિવારના ત્રણ લોકો સાથે મુસાફરી કરી અને મુંબઈ તરફ જઈ રહ્યા હતા. તે સમયે રસ્તામાં દાહોદ તેમજ વડોદરાની વચ્ચે તેમનું લેડીઝ પર્સ ગાયબ થઈ જતા ભારે શોધખોળ બાદ પણ જોવા ના મળતા લેડીઝ પર્સમાં મુકેલા ચાર મોબાઈલ ૫,૦૦૦ રૂપિયા રોકડા અને પરચુરણ સામાન હતો. અજાણ્યા તકરો દ્વારા રોકડ તેમજ અન્ય સામાન ભરેલું ચોરી થઈ જતા પાકીટમાં કુલ રૂપિયા ૫૬ હજાર રૂપિયાની રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ મુદ્દામાલની ચોરી કરી લઈ જતા મહિલા દ્વારા દાહોદના રેલવે પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદની નવજીવન કોલેજ ખાતે ૩૮૪ માઈક્રો ઓબ્ઝેર્વસઓનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે દાહોદની નવજીવન કોલેજ ખાતેના સભાગૃહમાં માઈક્રો ઓબ્ઝેર્વસઓનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ જનરલ ઓબ્ઝર્વસ રીષિરેન્દ્રકુમાર, સચીન્દ્ર પ્રતાપસિંહ, સુનીલ શર્માની ઉપસ્થિતિમાં યોજાયો હતો. વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં માઈક્રો ઓબ્ઝર્વસએ નિભાવવાની ફરજ તેમજ ઈવીએમ, વીવીપેટ બાબતે વિસ્તૃત સમજ અપાઇ હતી. તાલીમ કાર્યક્રમમાં સહભાગી થયેલા ૩૮૪ જેટલા માઈક્રો ઓબ્ઝર્વસઓને ચૂંટણી પંચની તમામ ગાઇડલાઈનનું ચુસ્ત પાલન થાય એ માટે જનરલ ઓબ્ઝર્વસઓએ જણાવ્યું હતું અને ચૂંટણી પ્રક્રિયામાં માઈક્રો ઓબ્ઝર્વસની ભૂમિકા વિશે સમજ આપી હતી. આ વેળા પુરવઠા અધિકારી વસાવા, પ્રાંત અધિકારી ઝાલોદ સહિતના ચૂંટણી સલગ્ન અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સંતરામપુર જાહેર માર્ગ ઉપર દારૂ પીને ભાન ભુલેલ દારૂડીયાના દ્રશ્યો : દારૂબંધીના લીરા ઉડાવ્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

જાહેર રસ્તા પર આ કોઈ બીમાર માણસ નથી પરંતુ દેશી દારૂ પીને ભાન ભૂલી ગયેલો દારૂડિયો છે. સંતરામપુર ૧૨૩ વિધાનસભા ચૂંટણીનો માહોલ ચાલી રહેલો છે અને ચૂંટણીના માહોલમાં ચૂંટણી પંચ દ્વારા કડક અને ચુસ્ત પોલીસ વિભાગ દ્વારા વ્યવસ્થા ગોઠવેલી છે, પરંતુ જાહેરમાં દારૂ પીને માર્ગ ઉપર પડેલો વ્યક્તિ જોઈને કહી શકાય છે કે સંતરામપુરમાં હજુ પણ દેશી દારૂ ઉપર કોઈ પ્રતિબંધ છે નહીં સંતરામપુર નગરની નગર પાલિકાની બાજુમાં અને કોર્ટની બાજુમાં દારૂ પીને પીધેલી હાલતમાં તસવીર જોઈ શકાય છે. જો ખરેખર દેશી દારૂ પર પ્રતિબંધ મુકેલો હોય અને વેચાણ જો બંધ કરેલું હોય તો આ રીતે જાહેર માર્ગો પર પીધેલી હાલતમાં બે બંધ થયેલો જોવા ના મળતો આના પરથી સાબિત થાય છે કે સંતરામપુરમાં દેશી દારૂ તો વેચાય છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ત્રિદિવસીય પેઈન્ટીંગ વર્કશોપ યોજયું



સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર, ખાતે ત્રીદિવસીય પેઈન્ટિંગ વર્કશોપનું સફળતા પુર્વક આયોજન કરવામાં આવ્યું. જેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સંતરામપુર વિસ્તારના બિપીન પટેલ તથા સુરતનાં પ્રખ્યાત ચિત્રકારોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું તથા ઉત્તમ પ્રદર્શન કરનાર ત્રણ વિદ્યાર્થીઓને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપ્યા હતાં. સમાપન પ્રસંગે કોલેજના NAAC ના કોઓર્ડિનેટર દેવરાજ નંદા તથા આચાર્ય ડો. અભય પરમારે કાર્યક્રમ સફળતા પુર્વક પાર પાડવા બદલ સર્વે નો હૃદય પુર્વક આભાર માન્યો હતો.

# જાન્યુઆરી-૨૦૨૩ના પ્રથમ અઠવાડિયામાં પાવાગઢ ખાતે આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે

ગોધરા,

ગુજરાત રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા જિલ્લા વહિવટી તંત્રના ઉપક્રમે આગામી જાન્યુઆરી-૨૦૨૩ના પ્રથમ અઠવાડિયામાં પાવાગઢ ખાતે ગુજરાત રાજ્યના ૧૯ થી ૩૫ વર્ષના સિનિયર વિભાગના યુવક અને યુવતિઓ માટે પાવાગઢ આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં સ્પર્ધકે માંચીથી દુધિયા તળાવ સુધી ચઢીને ઉતરવાનું રહેશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સાહસવીરોએ રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટેનું અરજી ફોર્મ અત્રેની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન ભાગ-૨, પ્રથમ માળ, ગોધરા પંચમહાલ ખાતેથી મેળવવાનું રહેશે. ફોર્મ સંપુર્ણ વિગત ભરી તા.૩૦/૧૨/૨૦૨૨ સુધીમાં અત્રેની કચેરીએ રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે રાજેશ પારગી ૬૩૫૩૯૩૫૬૫૭ (જિલ્લા યુવા વિકાસ અધિકારી પંચમહાલ)ના મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાંથી ૪૨ વર્ષીય આધેડ વ્યક્તિની લાશ મળી આવતાં ચકચાર મચી

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં લીમડી-કારઠ રોડ પર બસ સ્ટેશન સામે આવેલ રંજના ક્લીનીક આગળથી ઉત્તરપ્રદેશના ૪૨ વર્ષીય આધેડ પુરૂષની લાશ મળી આવતાં પંથકમાં ચારેકોર ભારે ચકચાર મચી જવા પામી હતી. ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગતરોજ સવારના નવેક વાગ્યાના પહેલા ઉત્તરપ્રદેશના પરસૌની કુશી નગરમાં રહેતા ૪૨ વર્ષીય મોન્ટુ સૂર્યનાથ બનેવાલની લાશ લીમડી નગરમાં કારઠ રોડ પર બસ સ્ટેશન સામે રંજના ક્લીનીક આગળથી મળી આવતાં લોકટોળા એકત્રીત થઈ ગયા હતા અને ઘટના અંગેની જાણ લીમડી પોલિસને કરાવતા પોલિસે ઘટના સ્થળે તાબડતોબ દોડી ગઈ હતી અને મૃત્તકની લાશનો કબજો લઈ લાશને પોસ્ટમોર્ટમ માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપી હતી. આ સંબંધે લીમડી પોલિસે સી.આર.પી.સી. ૧૭૪ મુ જબ અકસ્માત મોતના ગુનાના કાગળીયા કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા શહેરની અમન ડે સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંગે પ્રવુતિ હાથ ધરવામાં આવી

ગોધરા,

આજરોજ અમન ડે સ્કુલમાં અવસર લોકશાહીના અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ અન્ય સ્ટાફને મતદાન અંગેની માહિતી આપવામાં આવી. જેના વિશે જાગૃતતા લાવવા માટે એક નવતર એકટીવીટી કરવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા GO VOTE શબ્દો દ્વારા ગાર્ડનમાં બેસીને તેમના વડીલો કેમ મત આપે છે? એની પાછળનું કારણ સમજાવીને સંપૂર્ણ ૧૦૦% મતદાન કરવું જોઈએ, તે સમજાવવામાં આવ્યું. સાથે સાથે EVM મશીનને કેવી રીતે ઓપરેટ કરવું? અને કઈ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે? તેનો વિદ્યાર્થીઓ ડેમો કરાવીને આગામી નવી ટેકનોલોજીથી વાકેફ કરવામાં આવ્યા.

# ચૂંટણી પહેલા ગુજરાતમાં પકડાયું કરોડોનું સોનું અમદાવાદ એરપોર્ટ પર ૩ મુસાફરોનું કારસ્તાન

અમદાવાદ,

વિદેશથી હવાઈ માર્ગે સોનુ લાવવાના અનેક પ્રયાસો કરવામાં આવે છે. જેમાં કસ્ટમ ઓફિસ દ્વારા મોટી કાર્યવાહી કરાતી હોય છે. આ વચ્ચે અમદાવાદ એરપોર્ટથી કરોડોનું સોનુ પકડાયું છે. મંગળવારે સવારે એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. જેમાં ત્રણ મુસાફરો પાસેથી સોનુ મળી આવ્યુ હતું. ત્રણેય મુસાફરો મુંબઈ એરપોર્ટથી આવ્યા હતા. જેમની પાસેથી ૬૧ કિલોનુ સોનુ મળી આવ્યું છે. આ સોનાની કિંમત અંદાજે ૧૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એર અરેબિયાની ફ્લાઈટમાં શારજહાથી વહેલી સવારે ૩.૫૦ કલાકે આવી હતી. ત્યારે ત્રણ મુસાફરો મેટલ ડિટેક્ટરમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે બીપનો અવાજ ।વ્યો હતો. જેથી કસ્ટમ વિભાગના ઓફિસરોએ બે મુસાફરોનુ ચેકિંગ કર્યુ હતું. જેમાં બે મુસાફરોએ કમરમાં પહેરેલા બેલ્ટમાં સોનાની ૨૩ કિલોની પેસ્ટ મળી આવી હતી. આ જોઈને કસ્ટમના અધિકારીઓ પણ ચોંકી ગયા હતા.

# ગેંગરેપ કેસમાં ૧૧ દોષિતોની મુક્તિ સામે બિલકિસ બાનો સુપ્રીમ કોર્ટમાં પહોંચી



નવીદિલ્હી,

૨૦૦૨ ગુજરાત રમખાણોની પીડિતા બિલકિસ બાનોએ સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચાર અરજી દાખલ કરી છે. બિલકિસે ૧૩ મેએ આવેલા કોર્ટના આદેશ પર બીજીવાર વિચાર કરવાની માંગ કરી છે. આ આદેશના આધાર પર બિલકિસ સાથે સામૂહિક બળાત્કાર અને અને તેમના પરિવારના સભ્યોની હત્યાના દોષી બહાર આવ્યા હતા. આ મામલો આજે ચીફ જસ્ટિસ સામે રાખવામાં આવ્યો. તેમણે તેના પર વિચાર કરી યોગ્ય બેંચની સામે મુકવાનું આશ્વાસન આપ્યું છે.

૧૩ મેએ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અજય રસ્તોગી અને વિક્રમ નાથની બેંચે એક દોષી રાધેશ્યામ શાહની અરજી પર ચુકાદો આપતા કહ્યુ હતું કે તેને સજા ૨૦૦૮માં મળી હતી. તેથી છોડવા માટે ૨૦૧૪માં ગુજરાતમાં બનેલા નિયમ લાગૂ થશે નહીં પરંતુ ૧૯૯૨ના નિયમ લાગૂ થશે. ગુજરાત સરકારે ૧૫ ઓગસ્ટે તેને આધાર બનાવી ૧૪ વર્ષની સજા પુરી કરી ચુકેલા લોકોને છોડી મુક્યા હતા. ૧૯૯૨ના નિયમોમાં આજીવન કેદની સજા પામેલા કેદીઓની ૧૪ વર્ષ બાદ મુક્તિની વાત કહેવામાં આવી હતી, જ્યારે ૨૦૧૪માં લાગૂ થયેલા નિયમમાં જઘન્યા અપરાધના દોષીતોને આ છૂટથી વંચિત કરવામાં આવ્યા હતા.

બિલકિસ બાનો તરફથી દાખલ પુનર્વિચાર અરજીમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે કેસ મહારાષ્ટ્રમાં ચાલ્યો તો નિયમ ત્યાંના નિયમ લાગૂ થવા જોઈએ, ગુજરાતના નહીં. અત્યાર સુધી સુભાષિની અલી, રૂપરેખા વર્મા, મહુઆ મોઈત્રા સહિત ઘણા નેતા અને સામાજિક કાર્યકર્તા દોષીતોને છોડવા વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. તેમણે ગુજરાત સરકારના આદેશને પડકાર્યો હતો. આ અરજી પર સુનાવણી ચાલી રહી છે. હવે ખુદ બિલકિસ બાનો કોર્ટ પહોંચી છે અને તેમણે ૧૩ મેએ આવેલા સુપ્રીમ કોર્ટના આદેશને પરત લેવાની માંગ કરી છે.

૨૦૦૨ના ગુજરાત તોફાનો દરમિયાન દાહોદ જિલ્લાના રંધિકપુર ગામની બિલકિસ પોતાના પરિવારના ૧૬ સભ્યોની સાથે ભાગી પાસેના ગામ છાપરવાડના ખેતરોમાં છુપાઈ હતી ૩ માર્ચ ૨૦૦૨ના ત્યાં ૨૦થી વધુ તોફાનીઓએ હુમલો કર્યો હતો. ૫ મહિનાની ગર્ભવતી બિલકિસ સહિત કેટલીક અને મહિલાઓનો બળાત્કાર કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં બિલકિસની ૩ વર્ષની પુત્રી સહિત ૭ લોકોની હત્યા કરી દેવામાં આવી હતી.

આરોપીઓ તરફથી પીડિત પક્ષ પર દબાવ બનાવવાની ફરિયાદ મળવા પર સુપ્રીમ કોર્ટે કેસ મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કરી દીધો હતો. ૨૧ જાન્યુઆરી ૨૦૦૮ના મુંબઈની વિશેષ સીબીઆઈ કોર્ટે ૧૧ લોકોને આજીવન કેદની સજા ફટકારી હતી. ૨૦૧૭માં બોમ્બે હાઈકોર્ટે આ સજાને યથાવત રાખી હતી.

# આપની આજ.......

મેષ : આજે કાર્યક્ષેત્રે જવાબદારીમાં વધારો થશે, જેનાથી પદ-પ્રતિષ્ઠા વધશે. સાસરી પક્ષથી સંબંધોમાં મીઠાશ આવશે અને પારિવારિક બિઝનેસમાં ભાઈઓનો સહયોગ મળશે. યોજનાપૂર્વક કરેલા કામમાં સફળતા મળશે.

વૃષભ : માતાના આરોગ્ય વિશે ખાસ કાળજી લેજો. કાર્યક્ષેત્રે આજે પ્રગતિ મળશે. ધર્મ-કર્મના કામમાં આસ્થા વધશે. સંપત્તિમાં સુધારા અને સારસંભાળમાં ખર્ચ વધશે.

મિથુન : નોકરીમાં પ્રમોશનના યોગ બની રહ્યા છે. માર્કેટિંગ માધ્યમથી વેપાર-ધંધાના વિસ્તારની યોજના બનશે. સ્વભાવમાં ઉચાટ રહે, જેના લીધે પરિવારના કોઈ સભ્ય સાથે સંઘર્ષ થાય.

કર્ક : આજે ભાગ્યોદય થવાથી અટકાયેલા કામ પૂરા થશે. આર્થિક સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. સામાજિક કામમાં ભાગ લેવાથી અને આયોજન કરવાથી સન્માન અને કિર્તીમાં વધારો થશે.

સિંહ : આજે સંપત્તિ સુખમાં વધારો થશે. પરિવારમાં સુખશાંતિ જળવાઈ રહેશે અને પારિવારિક જીવનમાં સરળતા રહેશે. વડીલ તરફથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. માતા સાથે સંબંધોમાં સુધારો આવશે.

કન્યા : નોકરીમાં પ્રગતિના યોગ છે. સંતાન તરફથી શુભ સમાચાર મળી શકે છે. જીવન ધોરણ ઉંચુ થશે. ભૌતિક સુખ સુવિધા પ્રત્યે આકર્ષણ વધશે. નોકરી-ધંધામાં સહયોગી અને સાથીઓનો સહયોગ મળશે.

તુલા : કામના સ્થળે વધુ મહેનતની જરુર છે. વાતચીત દરમિયાન વાણી સંયમ જરુરી છે. કોઈ સંપત્તિને લઈને પારિવારિક વિવાદ વધવાની સ્થિતિ બની શકે છે. વિદેશમાં ભણેલા જાતકોને શુભ સમાચાર મળી શકે છે.

વૃશ્ચિક : આજે મરજી વિરુદ્ધ કામ કરવું પડશે, જેનાથી બેચેની અનુભવશો. પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે. આકસ્મિક ખર્ચ વધી શકે છે જેની પર અંકુશ જાળવી રાખજો. પિતૃક સંપત્તિ મળવાની સંભાવનાઓ છે.

ધનુ : રાજકારણ સાથે જોડાયેલા લોકોને નવીત્તમ તક અને લાભ મળશે. માતાના આશીર્વાદ ફળશે. બહુ સમયથી અટવાયેલું ધન કોઈ મહાપુરુષના સહયોગથી મળી શકે છે. સંતાન પક્ષે અને બૌદ્ધિક ક્ષેત્રે શુભ પરિણામ મળવાથી પ્રતિષ્ઠામાં વધારો થશે.

મકર : નોકરીયાત વર્ગ સહકર્મચારીઓ સાથે વ્યવહારમાં ખાસ ધ્યાન રાખે. સંતાન સુખમાં વધારો અને ક્યાંકથી ભેટ મળશે. પ્રેમલગ્ન કરવા માટે અનૂકુળ સમય છે, જેમાં પરિવારનો સાથ મળશે.

કુંભ : કામમાં વધુ મહેનત કરવી પડશે અને આવકમાં વધારો થશે. બૌદ્ધિક કાર્યો અને લેખનથી આવક વધશે. માતા પક્ષથી ખાસ સહયોગ મળશે અને પરિવારમાં પ્રેમ અને ઉત્સાહ વધશે.

મીન : ઘરમાં માંગલિક કાર્યોના આયોજનથી મન પ્રસન્ન અને વ્યસ્ત રહેશે. મિત્રોની મદદથી વેપારમાં નવા રસ્તા મળશે. આવક વધવાથી અને આકસ્મિક ધનપ્રાપ્તિથી મનોબળ મજબૂત બનશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદ જિલ્લામાં ભાજપના અસંતુષ્ટો તેમજ

# નારાજ કાર્યકર્તાઓને મનાવવા સી. આર. પાટીલ દાહોદ દોડી આવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકો પર મતદાન પહેલા ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. ત્યારે બિન આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આઈબીના સર્વે અનુસાર દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પૈકી પાંચ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર જોવાઈ રહી છે. સાથે સાથે બદલાયેલા સમીકરણોની વચ્ચે ભાજપના અસંતુષ્ટો તેમજ નારાજ કાર્યકર્તાઓ ખેલ બગાડે તેવી પૂરેપૂરી શક્યતાઓ હોવાથી પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ તાબડતોડ દાહોદ જિલ્લાની મુલાકાતે દોડી આવ્યા હતા અને કમલમ ખાતે ખાનગી મિટિંગ મારફતે નારાજ કાર્યકર્તાઓને મનાવવા માટે પ્રયાસો હાથ ધરી ડેમેજ કંટ્રોલના અંતિમ પ્રયાસો કરતા જોવા મળ્યા હતા.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવેશ કુલ છ વિધાનસભા બેઠકો પર આઈબીના રિપોર્ટ પ્રમાણે પાંચ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર જોવા મળી રહી છે. તેમ હાલના તબક્કે કહેવાય રહ્યું છે. સાથે સાથે ટિકિટોની વહેંચણી બાદ અસંતુષ્ટો તેમજ નારાજ થયેલા બીજેપીના કાર્યકર્તાઓ ખેલ ન બગાડે તે માટે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ આજરોજ દાહોદ જિલ્લાના મુખ્ય કમલમ ખાતે દોડી આવ્યા હતા અને ખાનગી મિટીંગ યોજી હતી. જેમાં દરેક વિધાનસભા બેઠકો પર ચીંતાર મેળવી ડેમેજ કંટ્રોલના પ્રયાસો હાથ ધર્યા હતા. અત્રે ઉલેખનીય છે કે ભાજપ તરફે એન્ટી ઈન્કમબસી તેમજ આદમી પાર્ટીના વધતા વ્યાપના કારણે બીજેપીની ચૂંટણી સભાઓમાં ભીડ ભેગી ન થઈ રહી છે. જેના પગલે બીજેપીના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓમાં એક પ્રકારની નિરાશા ફેલાઈ જવા પામી છે. જોકે, હાર્યો જુગારી બમણો રમે તેમ ચૂંટણી જીતવા માટે બીજેપીના ઉમેદવારો દ્વારા એડી ચોંટીનું જોર લગાવી જનસભાઓમાં જન મેદની ભેગી કરવા માટે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની અદાકારા મમતા સોની તેમજ આદિવાસી વિસ્તારમાં ટીમલીથી પ્રખ્યાત થયેલા અર્જુન આર.મેડા જેવા ગાયક કલાકારોને બોલાવવાની ફરજ પડી છે. આ તમામ સમીકરણોની સાથે સાથે બીજેપીના કદાવર રાજનેતાઓ દ્વારા ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરી મતદારોને રીઝવવા માટે ભર શિયાળે પરસેવો પાડી રહ્યા છે. જોકે આ તમામ પરિસ્થિતિઓમાં મતદારોમાં નિરસતા તેમજ અકળ મૌન વચ્ચે વિધાનસભા બેઠકો પર અન્ડર કરંટ તો નથી ને..? જેવી કલ્પનાથી દાહોદ જિલ્લાની બેઠકો પર સર્જાયેલા સમીકરણોનો ચિતાર લેવા માટે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દાહોદ ખાતે ઓચિંતા દોડી આવ્યા હતા અને બંધ બારણે બેઠક યોજી વિધાનસભા બેઠકો અંગે કરવા માટે નારાજ થયેલા તેમજ અસંતૃષ્ઠોને મનાવવાનો અંતિમ પ્રયાસ કરતા જોવા મળ્યા હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- **આમ આદમી પાર્ટીનો વધતો વ્યાપ : બીજેપીની જનસભામાં જનમેદની ભેગી ન થતા કાર્યકર્તાઓ તેમજ હોદ્દેદારોમાં હતાશા..**
- **દાહોદ બીજેપી મુખ્યાલય કમલમ ખાતે સી આર પાટીલે ગણતરીના હોદ્દેદારો સાથે ખાનગી મિટિંગ યોજી.**
- **ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં વિધાનસભા બેઠકો પર ચિતાર દરમિયાન બીજેપીને નુકસાન થતા પ્રદેશ પ્રમુખના ડેમેજ કન્ટ્રોલના પ્રયાસો.**

## ફતેપુરા બેઠકના ભાજપ ઉમેદવાર રમેશ કટારાનો પ્રચાર મમતા સોનીએ શાયરામાં અંદાજમાં પ્રચાર કર્યો

ફતેપુરા,

ફતેપુરા ૧૨૯ વિધાનસભા બેઠક ના ભાજપના ઉમેદવાર રમેશભાઈ ભુરાભાઈ કટારા માટે ચૂંટણી પ્રચાર માટે આવેલા સુપ્રસિદ્ધ ફિલ્મ કલાકાર મમતા સોનીએ સાયરાના અંદાજમાં યુવાનોમાં ભારે આકર્ષણ જણાવ્યું હતું. મોટી સંખ્યામાં ભૂરીભા પાર્ટી પ્લોટ ખાતે મમતા સોનીને જોવા માટે લોકો ઉંટી પડ્યા હતા. મમતા સોની પોતાના શાયરાના અંદાજમાં લોકોનું દિલ જીતી લેવાના પ્રયત્ન કર્યો હતો. ભાજપને મત આપવા માટે અપીલ કરી હતી. તેમને જણાવ્યું હતું કે, મારો જન્મ ગુજરાતમાં જ થયો હતો અને હું ગુજરાતમાં જ મોટી થઈ છું, મારી ઉંમર મત આપવાની થઈ ત્યારે મેં પ્રથમ મત ભાજપને આપવો તેના ગૌરવની વાત સાથે મેં મારૂં ઈલેક્શન કાર્ડ કઢાવ્યું હતું અને મેં મારો પ્રથમ મત ભાજપને આપ્યો હતો. ભાજપને મત આપી હું મારી જાતને ધન્યતા અનુભવું છું. ત્યારબાદ તેમને ભાજપ સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી અને વિકાસના કાર્યમાં સહભાગી થવા માટે અપીલ કરી હતી. વિકાસના કાર્યમાં સહભાગી થવા માટે ભાજપને મત આપવો જરૂરી છે. તેવું જણાવી ઉપસ્થિત જનમેદનીને સંબોધી રમેશભાઈ ભુરાભાઈ કટારા માટે મત માંગ્યા હતા. ત્યારબાદ તેઓ સુખસર તેમજ સંજેલી ખાતે પણ જાહેર સભાને સંબોધવાના હોય ત્યાંથી તેઓ સુખસર અને ત્યારબાદ સંજેલી મુકામે જાહેર સભા સંબોધશે, ત્યારે ભૂરીભા પાર્ટી પ્લોટ ખાતે ઉપસ્થિત થયેલી જનમેદનીએ મમતા સોનીને સાંભળવા માટે તેમજ જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

## ગુજરાત ચુંટણી સભામાં કોંગ્રેસ પ્રમુખ દ્વારા વડાપ્રધાનને રાવણ સાથે સરખાવવા મુદ્દે દાહોદ બીજેપી દ્વારા આવેદન

દાહોદ,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નવનિર્વાચિત પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાતની ચુંટણી સભામાં વડાપ્રધાન મોદીને ૧૦૦ માથાવાળા રાવણ સાથે સરખાવતું નિવેદન આપતાં આ મામલે દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીએ તેઓના આ શબ્દોને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી દાહોદ જિલ્લા કલેક્ટરને આ મામલે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યામાં ૨૦૨૨ની વિધાનસભાની સામાન્ય ચુંટણીના પ્રથમ ચરણના પડઘધમો તા.૨૯મી નવેમ્બરના રોજ શાંત થવાના હતાં અને તેના થોડાક કલાકો પહેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નવનિર્વાચિત પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ અમદાવાદમાં ચુંટણી પ્રવાશે હતાં. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં એક જનસભામાં તેમણે દેશના વડાપ્રધાન મોદી માટે અસભ્ય નિવેદન કર્યું હોવાના આક્ષેપો દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવ્યાં હતાં અને દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદીને ૧૦૦ માથાવાળા રાવ સાથે તેમની સરખામણી કરતાં દેશના વડાપ્રધાન અને ગુજરાતા સપુતનું અપમાન કર્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યાં છે. દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા વધુમાં જણાવ્યાં અનુસાર, ગુજરાતની અસ્મિતાને લાંછન લગાડેલ છે. દેશના સૌથી જુના રાષ્ટ્રીય પક્ષના અધ્ય ચુંટણી ટાણે પોતાની ગરીમા ભુલી કેટલા નીચા સ્તરે જઈ શકે છે એનો આ પ્રત્યક્ષ દાખલો છે. ગુજરાત ભારતીય જનતા પાર્ટીએ આ નિવેદનનો સખત વિરોધ કર્યો હતો.



## કોંગ્રેસ પાર્ટી દ્વારા પાંચ વિધાનસભા સીટના ઉમેદવારો માટે સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે ઝાલોદમાં આવશે

ઝાલોદ,

ઝાલોદ આઈ.ટી.આઈ ખાતે કોંગ્રેસ પાર્ટીના મોટા ગણાતા સ્ટાર પ્રચારકો આવવાના હોઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટણી સભાને સફળ બનાવવા માટે કોંગ્રેસના સહુ કાર્યકર્તાઓ કામે લાગી ગયેલ જોવા મળી રહેલ છે. કાર્યકર્તાઓ ઉમેદવારોને સાંભળવા આવનાર જનમેદની માટે બેઠક વ્યવસ્થા માટે જોતરાઈ ગયેલ જોવા મળી રહેલ છે.

વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે. તેમ તેમ સ્ટાર પ્રચારકો ચૂંટણી સભાઓ યોજી રહ્યા છે. મળતી માહિતી અનુસાર કોંગ્રેસ પાર્ટી દ્વારા ઝાલોદ, દાહોદ, ગરબાડા, લીમખેડા, ફતેપુરા જેવી પાંચ વિધાનસભાની સીટનાં ઉમેદવારોના ચૂંટણી માટે પ્રચાર કરવા માટે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી ઝાલોદ નગરના આઈ.ટી.આઈ. ખાતે આવી રહ્યા છે. પાંચ વિધાનસભા સીટનાં ઉમેદવારો માટેનો પ્રચાર હોઈ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટવાની સંભાવના છે . દરેક વિધાનસભા સીટના ઉમેદવારો પોતાના સમર્થકો સાથે અહીંયાં આવવાની શક્યતા છે. કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આવે છે અને સરકાર બનાવે છે નાં બેનર હેઠળ પ્રચાર કરી રહી છે.

## ઝાલોદના મેલણીયા ગામે ટ્રક રોડ સાઈડના ખાડામાં ઉતરી જતાં ચાલકનો આબાદ બચાવ



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના મેલણીયા નજીક આઈટીઆઈ પાસે પુરઝડપે આવી રહેલા ટ્રક ના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં ખાડામાં ઉતરી જવા પામ્યો હતો. જોકે, આ બનાવમાં ચાલકનો સદ્દભાગ્ય આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝાલોદ તાલુકાના મેલણીયા નજીક આઈ.ટી.આઈ પાસે પૂર ઝડપે આવી રહેલો ટ્રકના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના પગલે સર્જાયેલા અકસ્માતમાં માલસામાન ભરેલો ટ્રક રોડની સાઈડમાં ઉતરી જવા પામ્યો હતો. જોકે, આ બનાવમાં સદભાગ્યે જાનહાની બનવા પામી નહોતો. અકસ્માત બાદ આસપાસના ભેગા થયેલા લોકોએ ટ્રક ને ખાડામાંથી બહાર કાઢવાની તજવીજ હાથ ધરાઈ હતી.

## ઝાલોદ તાલુકાના ચાકલીઆ ચેક પોસ્ટ પરથી ગેરકાયદેસર દારૂનો જથ્થો ઝડપાયો

ઝાલોદ,

વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી હોય પોલિસ હવે વધારે સતર્ક અવસ્થામાં જોવાઈ રહેલ છે. ઝાલોદ ચાકલિયા ચેક પોસ્ટ પર તારીખ ૨૯/૧૧/૨૦૨૨ મંગળવારના રોજ પી.એસ.આઈ જી.બી. ભરવાડ તેમજ તેમનો સ્ટાફ આવતા જતા વાહનોને ચેક કરી રહેલ હતા. તે દરમ્યાન એમ.પી. તરફથી એક સફેદ કલરની મહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડીના ચાલક દ્વારા વાહન ચેકીંગ થતી જોતા ચેક પોસ્ટ થી ૧૦૦ મીટર દૂરના અંતરે બોલેરો ગાડી ઉભી રાખી તેમાંથી ઉતરી જંગલ વિસ્તારમાં નાસતો જોવા મળતા પોલિસ દ્વારા ઉભેલ બોલેરો ગાડી જી.જે.૩૩. ટી.૨૭૬૦ ગાડીની તલાસી લેતા તેમાંથી ૩,૧૬,૭૨૮ રૂપિયાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને ૪,૦૦,૦૦૦ રૂપિયા ગાડીની કિંમત થઇ ૭,૧૬,૭૨૮ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.


તા. ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ કન્યા શાળા ગરબાડામાં દાહોદના ગાયત્રીબેન સતીંષકુમાર ભુરીયાના સુપુત્ર અર્પિત ભુરીયાના જન્મદિવસ નિમિત્તે કન્યા શાળાની તમામ કન્યા તથા શિક્ષિકા બહેનો તીથી ભોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શૈલાદેવી તથા શિક્ષિકા બહેનો એ તેમનો આભાર વ્યકત કર્યો હતો.

## દાહોદ રેડક્રોસ અને સેન્ટઝોન એમ્બયુલન્સ ઉપક્રમે પ્રા.તાલીમ સારવાર વર્ગ સંપન્ન

દાહોદ,

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા અને સેન્ટ ઝોન એમ્બ્યુલન્સના ઉપક્રમે પ્રાથમિક સારવાર તાલીમ વર્ગ સંપન્ન થયો. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા દ્વારા તારીખ ૨૪/૧૧/૨૦૨૨ થી ૨૭/૧૧/૨૦૨૨ ચાર દિવસીય પ્રાથમિક સારવાર તાલીમ વર્ગનો આયોજન જિલ્લાના ભાઈઓ અને બહેનો માટે કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં ૫૦ જેટલા ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં દાહોદના પ્રતિષ્ઠિત વ્યાખ્યાતાઓએ તલસ્પર્શી માહિતી આપી હતી. જેમાં પ્રેક્ટીકલ અને થીયરી બંનેની તાલીમ ખુબ સચોટ આપવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ગોપાલભાઈ ધાનકા ખજાનચી, કમલેશભાઈ લીમ્બાચીયા, માનદ મંત્રી જવાહરભાઈ શાહ, સહમંત્રી સાબીર શેખ, પ્રાથમિક સારવાર વર્ગના કન્વીનર ગટેશભાઈ ક્ષત્રિય, ડો. ધર્મેન્દ્ર અગ્રવાલ, એન.કે.પરમાર, સ્વૈચ્છિક સભ્ય મુકુંદભાઈ કાબરા વાલા, નરેશભાઈ ચાવડા આ ઉપરાંત કારોબારી સભ્ય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રાથમિક સારવાર વર્ગની ફળશ્રુતિ એ હતી કે, રકતદાન અંગે તાલીમાર્થી ભાઈઓ-બહેનોને ખજાનચી કમલેશભાઈ લીમ્બાચીયા દ્વારા પ્રોત્સાહિત વકતવ્ય આપ્યું હતું. જેનાથી પ્રેરિત થઈને પાંચ તાલીમાર્થી ભાઈઓએ પ્રથમ વખત સ્વૈચ્છિક રકતદાન કર્યું હતું અને પોતાના વિસ્તારમાં પણ રકતદાન અંગેની જાગૃતિ ફેલાવી અન્યને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા કટિબદ્ધ થયા હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**શ્રીમતી ચંદ્રકાન્તાબેન જી. ધાનકા સાયન્સ કોલેજ નગરાળા દ્વારા પૂજ્ય ઠક્કર બાપ્પાની જન્મ જયંતિ નિમિત્તે દાહોદ-પંચમહાલ જિલ્લામાં તેમના દ્વારા કરેલ કાર્ય વિશે કોલેજના આચાર્ય, સ્ટાફ ગણ દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. કોલેજના આચાર્ય, સ્ટાફ ગણ અને વિદ્યાર્થીઓએ મળીને પૂ.ઠક્કર બાપ્પાની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.**

## દાહોદ જીલ્લામાં બે સ્થળેથી ૩.૬૨ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લા પોલિસે ગતરોજ જુદી જુદી બે જગ્યાએથી રૂા. ૩.૬૨ લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે એક ફોરવ્હીલ ગાડી સહીત બે વાહનો પકડી પાડી રૂપિયા ૭,૮૨,૯૭૭ના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કર્યાનું તેમજ એક પોલિસને ચકમો આપી નાસી ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ પોલિસે પાડેલી પ્રોહી રેડ પૈકી એક પ્રોહી રેડ ઝાલોદ તાલુકાના ચાકલીયા ચેકપોસ્ટ પર પાડી હતી જેમાં ચાકલીયા પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ જી.બી.ભરવાડ પોતાના સ્ટાફના પોલિસ કર્મીઓને સાથે રાખી ગતરોજ સવારે સાડા નવ વાગ્યાના સુમારે ચાકલીયા ચેકપોસ્ટ પર આવતા જતાં નાના-મોટા તમામ વાહનોનું ચેકીંગ કરી રહ્યા હતા. તે દરમ્યાન ત્યાંથી પસાર થઈ રહેલ જીજે ૩૩ ટી-૨૭૬૦ નંબરની મહીન્દ્રા બોલેરો પીકપ ગાડી ચાલકે વાહન ચેકીંગમાં ઉભેલ ચાકલીયા પોલિસને જોઈ લેતા તેના કબજાની બોલેરો પીકપ ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી તે પોતે રોડની બાજુમાં આવેલ ઝાડી ઝાંખરા તથા જંગલ વિસ્તારની ઝાડીમાં સંતાઈ ગયો હતો. જે ગાડી પોલિસે પકડી પાડી ગાડીની તલાસી લઈ ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ બેગ પાઈપર વ્હીસ્કીની પેટીઓ નંગ૧૦, તથા લંડન પ્રીમીયમ વ્હીસ્કીની પેટીઓ નંગ-૩૪ મળી રૂપિયા ૩,૧૬,૭૨૮ની કુલ કિંમતની કુલ બોટલ નંગ-૧૭૫૨ ભરેલ પેટીઓ નંગ-૪૪ પકડી પાડી સદર દારૂના જથ્થાની હેરાફેરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ રૂા. ૪ લાખની કિંમતની મહિન્દ્રા પીકપ ગાડી મળી રૂા. ૭,૮૨,૯૭૭ નો મુદ્દામાલ પોલિસે કબજે લઈ ચાકલીયા પોલિસે આ મામલે મહિન્દ્રા બોલેરો પીકપ ગાડીના ચાલક વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. જ્યારે દાહોદ જિલ્લામાં બીજી પ્રોહી રેડ ધાનપુરની કાકડખીલે ચેક પોસ્ટ નજીક પડી હતી. જેમાં ધાનપુર પોલિસે ગતરોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે કાકડખીલા ચેકપોસ્ટ પર વોચ ગોઠવી ત્યાંથી પસાર થઈ રહેલા નાના-મોટા તમામ વાહનો પર બાજ નજર રાખી રહી હતી. તે દરમ્યાન સરદારભાઈ પ્રતાપભાઈ મખોડ પોતાના કબજાની ડીસ્વર મોટર સાયકલ લઈ ત્યાંથી પસાર થતાં ફરજ પરની પોલિસને તેની હિલચાલ શંકાસ્પદ લાગતાં પોલિસે તેને પકડી તીને મોટર સાયકલ પરથી રૂા. ૪૬,૨૪૯ની કુલ કિંમતનો વિદેશી દારૂ-બીયરની બોટલ નંગ-૩૭૧ પકડી પાડી સદર દારૂની હેરાફેરીયમાં ઉપયોગમાં લેવાયેલ રૂા. ૨૦,૦૦૦ની કિંમતની ડીસ્કવર મોટર સાયકલ મળી કુલ રૂા. ૬૬,૨૪૯ નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ મોટર સાયકલ ચાલક ડુમકા ગામના નાળા ફળિયાના સરદારભાઈ પ્રતાપભાઈ મખોડ વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.85

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# મોરવા(હ) વિધાનસભા બેઠક કોંગ્રેસના ઉમેદવારને મતદારોમાં જન સર્મથન મળી રહ્યું છે

## શિક્ષિત યુવાનોને સરકારી નોકરી અને સરકારી નોકરીઓમાં કોન્ટ્રાકટ પદ્ધતિ નાબુદ કરાશે તેવા વચનો



ગોધરા, પંચમહાલ જીલ્લાની મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ જામશે. કોંગ્રેસ અને આપ પાર્ટી વચ્ચે સીધો જંગ ખેલાશે. મોરવા(હ) બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર સ્નેહલતાબેન ગોવિંદભાઈ ખાંટને મળતા જન સર્મથનને જોતાં લાગી રહ્યું છે.

મોરવા(હ) બેઠકના કોંગ્રેસના ઉમેદવારની ચુંટણી સભામાં સ્નેહલતાબેન ખાંટ દ્વારા કોંગ્રેસ પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલ ૮ વચનો પુરા કરવાની ખાતરી આપવામાં આવી રહી છે. કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવતાં ગુજરાત રાજયના ૧૦ લાખ યુવાનોની સરકારી નોકરીઓમાં ભરતી કરવામાં આવશે. તેમાં ૫૦% નોકરીઓ ઉપર મહિલાઓનો અધિકાર રહેશે, સરકારી નોકરીઓમાંથી કોન્ટ્રાકટ પદ્ધતિ સંપૂર્ણ નાબૂદ કરવામાં આવશે સાથે બેરોજગાર યુવાનોને પ્રતિમાસ ૩,૦૦૦ રૂપીયાનું બેરોજગારી ભથ્થું આપવામાં આવશે. શિક્ષિત બેરોજગાર યુવાનો પોતાના ઉજજવળ ભવિષ્ય માટે કોંગ્રેસને મત આપી વિજેતા બનાવે. મોરવા(હ) બેઠક ઉપર ઉમેદવારોને અદ્દભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

# હાલોલ વિધાનસભા બેઠકના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર દ્વારા મત વિસ્તારમાં શિક્ષણક્ષેત્રે કરેલ કામગીરીને લઈ મતદારોમાં આવકાર



ગોધરા, પંચમહાલની હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપ દ્વારા જયદ્રથસિંહ પરમારને ઉમેદવાર બનાવ્યા છે. જયદ્રથસિંહ પરમાર હાલોલ બેઠક ઉપરથી ૨૦૦૨ થી ૨૦૧૭ સુધી મતદારોએ વિજેતા બનાવ્યા છે. હાલોલ બેઠક ઉપર ધારાસભ્ય બન્યા બાદ સરકારમાં મંત્રીપદે પણ રહ્યા છે.

હાલોલ વિધાનસભા બેઠકના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર પોતાના મત વિસ્તારના વિકાસલક્ષી કામો માટે પ્રયત્નશીલ રહ્યા છે. હાલોલમાં શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી કરી છે. હાલોલ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ ટેકનીકલ અભ્યાસ અર્થે લાંબુ અંતર કાપીને અન્ય જીલ્લામાં અભ્યાસ અર્થે જતા હતા. જેને લઈ હાલોલ તાલુકામાં અંદાજીત ૨૨.૪૩ કરોડના ખર્ચે સરકારી ટેકનીકલ કોલેજ બનાવવામાં આવી છે. હાલ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ ટેકનીકલ ઉચ્ચશિક્ષણ લઈ રહ્યા છે. હાલોલ ગ્રામ્ય વિસ્તારોમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નારૂકોટા જાંબુઘોડા ખાતે ૨૨ કરોડના ખર્ચે સાયન્સ કોલેજ તૈયાર કરવામાં આવી છે. હાલોલ ખાતે દેશમાં પ્રથમ પ્રાકૃતિક-વ-સેન્દ્રીય કૃષિ વિશ્વ વિદ્યાલય જાંબુડી ખાતે મંજુરબ કરાવાઈ છે. ઓર્ગેનિક ફાર્મીંગ ટ્રેનિંગ સેન્ટરના મકાનના બાંધકામ ૧૮.૭૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવનાર છે. હાલોલ પાવાગઢ ખાતે અદ્યતન સુવિધા યુકત આદર્શ નિવાસી શાળા (વિચરતી જાતિ)ના બાળકોના અભ્યાસ અર્થે શાળા બિલ્ડીંગ અને હોસ્ટેલ અને જમવાની સુવિધા સાથે ૧૦.૫૭ ક્રોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. આમ, હાલોલ બેઠક ઉપર ભાજપના ધારાસભ્ય રહેલા અને ૨૦૨૨ની ચુંટણીના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર દ્વારા મત વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રમાં સારી એવી કામગીરી કરવામાં આવી છે. જેને લઈ હાલોલ વિધાનસભા વિસ્તારના મતદારો દ્વારા તેમને અદ્દભૂતપૂર્વ અને આવકાર મળી રહ્યો છે.

# ગોધરા-વડોદરા હાઈવે વેજલપુર પાસે વડાપ્રધાન ચુંટણી સભાને લઈ વડોદરા થી આવતાં અને વડોદરા તરફ જતા વાહનો માટે ડાયવર્ઝન અપાયું

ગોધરા, પંચમહાલ જિલ્લામાં ગોધરા-વડોદરા હાઈવે રોડ પર આવેલા વેજલપુર પાસેનાં માઈકો સિડ્સ કંપનીની સામેનાં મેદાનમાં આજ રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને જંગી જાહેર સભા યોજવામાં આવશે. ત્યારે સભાને ધ્યાનમાં રાખી વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ તેમજ પંચમહાલ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે વડોદરા થી ગોધરા અને ગોધરા થી વડોદરા તરફ જતા ભારે વાહનો માટેનાં વૈકલ્પિક રસ્તાઓનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને તેમજ પક્ષને મતદારો જંગી મતદાન કરે તે માટે પંચમહાલ જિલ્લામાં તા.૧.૧૨.૨૦૨૨ નાં રોજ ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં વેજલપુર,કાલોલ રોડ પર આવેલી માઈકો સીડ્સની કંપનીની સામે આવેલા ખુલ્લા મેદાનમાં યોજવામાં આવશે. ત્યારે વડાપ્રધાનની જાહેર સભાઓને લઈ ભાજપ પાર્ટીના કાર્યકરોમાં અનેરો ઉત્સાહનાં સંચાર સાથે ઉમંગ જણાઈ રહ્યો છે. સભાઓને અનુલક્ષી તૈયારીઓને આખરી ઓપ પણ આપી દેવામાં આવ્યો છે.

ત્યારે સભાને ધ્યાનમાં રાખી વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે વડોદરા થી ગોધરા તરફનાં વૈકલ્પિક રસ્તાઓનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. જેમાં જાહેરનામા અનુસાર વડોદરા થી ગોધરા તરફ જતા ભારે વાહનોને જરોદ ગામથી સાવલી, ઉદલપુર, પંડ્યાપુરા ફાટક, એક્સઠ પાટિયા અમદાવાદ-ઈન્દોર હાઈવે થઈ વાવડી ટોલ નાકા થઈ ગોધરા આવે તે મુજબ તા.૧.૧૨.૨૦૨૨ નાં રોજ સવારે થી બપોરે ૨-૦૦ કલાક ભારે વાહનોની અવર જવરનાં ચાર કલાક માટે ડાયવર્ઝન નું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. જ્યારે ગોધરા થી વડોદરા તરફ જતા ભારે વાહનો માટે ગોધરા શહેરના ચર્ચ, બી.વી.ગાંધી પેટ્રોલ પંપ થઈ બામરોલી રોડ થઈ બાયપાસ ક્રોસ કરી દામાવાવ, રાજગઢ, વડાતળાવ, જેપુરા, હાલોલ બાયપાસ, જ્યોતિ સર્કલ થઈ વડોદરા જઈ શકાશે.

# શહેરા પોલીસે વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે રૂપિયા ૨૩ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના નાંદરવા ગામના બસ સ્ટેશન પાસેના એક મકાન માંથી પોલીસે બાતમીના આધારે રૂપિયા ૨૩ લાખનો દારૂનો જથ્થો ઝડપી પાડચો હતો. વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે પોલીસે ત્રણ દિવસની અંદર રૂપિયા ૩૪ લાખનો દારૂનો જથ્થો પકડી પાડતાં છુપી રીતે દારૂનું વેચાણ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

શહેરા વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે પોલીસે રૂપિયા ૨૩ લાખનો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુતને ખાનગી રાહે દારૂની બાતમી મળતા તેઓની સૂચનાથી પી.એસ.આઈ. સતીષ કામોળ અને એસ.એમ. ડામોર એ સ્ટાફના માણસોને સાથે રાખીને તાલુકાના નાંદરવા ગામના બસ સ્ટેશન પાસે આવેલ એક મકાનમાં તપાસ કરતા દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૪૦૦ પેટી દારૂ ને પોલીસ મથક ખાતે લાવીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.પોલીસે ૨૩લાખ રૂપિયાનો દારૂ ઝડપી પાડવા સાથે આ દારૂ કોણે મંગાવ્યો હતો તે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જોકે પોલીસે એક દિવસ અગાઉ પણ તાલુકાના ઉમરપુર ગામ અને આંબાજટી ગામથી ૧૨ લાખનો દારૂ ઝડપી પાડ્યો હોય ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં છૂપી રીતે લોકોને પહોંચાડવા માટે આ દારૂ મંગાવવામાં આવ્યો હશે કે પછી કોઈ બુટલેગર એ વેચાણ માટે આટલો મોટો દારૂનો જથ્થો મંગાવ્યો હશે કે શું ? જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે એક માત્ર શહેરા પોલીસે ત્રણ દિવસમાં રૂપિયા ૩૪ લાખનો દારૂ પકડી પાડ્યો હતો.

# પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરતા સ્પેશિયલ જનરલ ઓબ્ઝર્વર તથા સ્પેશિયલ પોલીસ ઓબ્ઝર્વર મુક્ત,સ્વતંત્ર,પારદર્શક અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે આપ્યું માર્ગદર્શન



ગોધરા, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા અજય વી.નાયકની સ્પેશિયલ જનરલ ઓબ્ઝર્વર તથા દીપક મિશ્રાની સ્પેશિયલ પોલીસ ઓબ્ઝર્વર તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બંને નિરીક્ષકઓ આજે પંચમહાલ આવી પહોંચ્યા હતા અને ગોધરા સ્થિત કલેકટર કચેરી સભાખંડ ખાતે ચૂંટણીતંત્ર સાથે બેઠક યોજીને ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

બંને સ્પેશિયલ ઓબ્ઝર્વરઓ દ્વારા પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આગામી ચૂંટણી મુક્ત,સ્વતંત્ર,પારદર્શક અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ઈ.વી.એમ. મેનેજમેન્ટ, પોસ્ટલ બેલેટ, સુરક્ષા વ્યવસ્થા સહિતના મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેઓએ પાંચ વિધાનસભાના જનરલ ઓબ્ઝર્વર્સ પાસેથી તેમના અનુભવો જાણ્યા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રાએ આ તકે પંચમહાલ જિલ્લામાં ચૂંટણી તંત્ર દ્વારા થઈ રહેલી કામગીરીનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે પંચમહાલ અને દાહોદ પોલીસ અધિક્ષકઓએ જિલ્લામાં ચૂંટણીને લઈને સુરક્ષા વ્યવસ્થાઓ અંગે માહિતી રજૂ કરી હતી.

આ બેઠકમાં જનરલ ઓબ્ઝર્વર્સ સર્વ ડો.કે.વાસુકી, શકિતસિંહ રાઠોર, દેબાજ્યોતિ દત્તા, ખર્ચ ઓબ્ઝર્વર્સ સર્વ આર.સી.ચેતન, અનુજ ગર્ગ, પોલીસ ઓબ્ઝર્વર્સ રાહુલ શર્મા, પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષિત ગોસાવી, દાહોદ પોલીસ અધિક્ષક બલરામ મીણા, પંચમહાલ પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,નિવાસી અધિક કલેકટર એમ.ડી. ચુડાસમા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા સહિત ચૂંટણી માટે નિમાયેલ વિવિધ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા શાંતિ નિવાસ સોસાયટી ખાતે કવિ શશીકાન્ત યાદવનો ભવ્ય કાર્યક્રમ

ગોધરા, હિન્દુ સંસ્કૃતિ સંવર્ધન સમિતિ-ગૌધરા દ્વારા રાષ્ટ્રવાદી કવિ શશીકાંત યાદવ (શશી)ની ઓજસ્વી વાણીમાં કવિતાના માધ્યમથી હિન્દુ ચેતનાને ઉજાગર કરવા ગોધરામાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જે કાર્યક્રમ તા.૨.૧૨.૨૦૨૨ ને શુક્રવારના રોજ સાંજે ૭ કલાકે શાંતિ નિવાસ સોસાયટી, પોલીસ ચોકી નં-૮ પાસે, ગોધરા ખાતે રાખવામાં આવ્યો છે.

# ઘોઘંબાની ખાન પાટલા શાળામાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિ કરવામાં આવી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, દિન બી.બી.પટેલ ઉ.બુ.શાળા, ખાન પાટલા, તા.ઘોઘંબા, જી.પંચમહાલના વિદ્યાર્થીઓ દ્વારા અવસર લોકશાહી વિધાનસભા ૨૦૨૨ સામન્ય ચૂંટણીમાં મોટી સંખ્યામાં મતદાન પ્રક્રિયા ભાગ લઈ મતદાન કરે તે માટે પ્રોત્સાહિત કરવા માટે શાળાના બાળકો દ્વારા ગામમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત રેલી તેમજ વિવિધ પ્રકારની રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને નિબંધ લેખનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ રાષ્ટ્રીય સેવાનું કામ કરવા બદલ શાળાના આચાર્ય ચૌહાણ બાળકોને ધન્યવાદ સાથે અભિનંદન આપ્યા હતા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા આયોજિત જિલ્લા કક્ષાની વાર્તા સ્પર્ધાનું આયોજન



ગોધરા, પંચમહાલ જિલ્લાના સાત તાલુકામાથી વિજેતા પામેલ ૨૧ બાળકો, ૨૧ માર્ગદર્શક શિક્ષકો, ૯ નિર્ણાયક શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાયટના સિનિયર વ્યાખ્યાતા ઉમેશભાઈ ચૌહાણ કર્યું હતું. સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં કરવામાં આવેલ હતી. ધોરણ ૧ થી ૨,૩ થી ૫ અને ૬ થી ૮ ત્રણે વિભાગોમાં પ્રથમ નંબર આવેલ વિદ્યાર્થી રાજ્ય કક્ષાએ પોતાનું પ્રતિનિધિત્વ કરશે. પ્રથમ નંબરે ધોરણ છ થી આઠમાં ટીમ્બી પ્રાથમિક શાળા તાલુકો હાલોલ, ધોરણ ત્રણ થી પાંચમાં કાલોલ તાલુકા માંથી ભાદરોલી પ્રાથમિક શાળા અને ધોરણ એક બે માં કાલોલ તાલુકા માંથી સગનપુર પ્રાથમિક શાળાઓના સ્પર્ધકો શ્રેષ્ઠ ક્રમાંકે આવેલ હતા. જિલ્લા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મેડલ પ્રમાણપત્ર, પેન અને પેડ આપવામાં આવેલ હતા. પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, ટ્રોફી સાથે સાથે અનુક્રમે ૧૦૦૦,૮૦૦,૫૦૦ રૂપિયાના ચેક એનાયત કરવામાં આવેલ હતા.

શિક્ષણ વિભાગ દ્વારા બાળકો માટે વિવિધ કક્ષાએ સ્પર્ધાઓ યોજવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રોત્સાહિત થાય છે અને પંચમહાલ જિલ્લાની ઊંડાણની પ્રાથમિક શાળાઓના સામાન્ય પરિવારમાંથી આવતા બાળકો પણ ઊંચેરા સ્થાન પ્રાપ્ત કરતા હોય છે.

સમગ્ર ત્રણ વિભાગમાં વિજેતા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યમાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવેલ છે.

# ગોધરા પોસ્કો કોર્ટ દ્વારા બળાત્કારના ગુન્હામાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારી

ગોધરા, ગોધરાની પોકસો કોર્ટ દ્વારા બળાત્કારનાં ચકચારભર્યા કેસમા આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ તથા ભોગ બનનારને રૂા.ચાર લાખનું વળતર ચકવવાનો હુકમ ફરમાવ્યો છે.

બનાવની વિગત મુજબ તા.૩૧.૭.૨૦૨૧ થી તા.૧.૮.૨૦૨૧ નાં રોજ વંદેલી ચાદરણી ફળીયા ગામે આરોપી પંકેશભાઈ રણજીતભાઈ બારીયા, રહે.મોજરી, તા.મોરવા(હ)નાઓએ ફરીયાદીની સગીર વયની દિકરીને લલચાવી, પટાવી, ફોસલાવી પત્ની તરીકે રાખવા તથા યૌનશોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ બળાત્કાર કર્યા અંગેનો કેસ ગોધરાના પાંચમા સ્પેશ્યલ જજ એચ.પી.મહેતાની કોર્ટમા ચાલી જતા, ફરીયાદપક્ષ તરફથી સરકારી વકીલ એમ.કે.દેશમુખ દ્વારા ફરીયાદી ભોગ બનનાર અને ડોકટરની જુબાની ધ્યાને લઈ, તે અંગે વિગતવારની દલીલો કરી હતી. ત્યાર બાદ આજ રોજ તા. ૩૦.૧૧.૨૦૨૨ ના રોજ સજા અંગેની દલીલ સાંભળ્યા બાદ કોર્ટે આરોપી પંકેશભાઈ બારીયાને ઈ.પી.કો.ક. ૩૦૩ માટે ૭(સાત) વર્ષ સખત કેદની સજા તથા રૂા.૫,૦૦૦ નો દંડ તથા ઈ.પી.કો.ક.૩૭૬(૨)(એન) ના ગુના માટે ૨૦(વીસ) વર્ષના સખત કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦ દંડ તથા ઈ.પી.કો.ક. ૩૭૬ (૩) ના ગુના માટે ૨૦(વીસ) વર્ષની સખત કેદ તથા રૂ.૧૦,૦૦૦નો દંડ તથા પોકસો એકટની કલમ-૪ અને ૬ માટે ૨૦(વીસ) વર્ષની સખત કેદની સજા તથા બંને કલમો હેઠળ રૂ.૧૦,૦૦૦ લેખે રૂા.૨૦,૦૦૦ દંડ તથા પોકસો એકટની કલમ૧૨ મુજબના ગુના માટે ૩ (ત્રણ) વર્ષની સજા તથા રૂા.૨,૦૦૦ દંડ ફરમાવ્યો છે.

જયારે આ કામના ભોગ બનનારને રૂા.૪,૦૦,૦૦૦ નુ વળતર આપવા ગોધરા ડી.એલ.એસ.એ. ના સેક્રેટરીને વળતર આપવા આદેશ કર્યો છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
જય રામદેવ સ્વ. સહાય જુથ
તરફથી અભીનંદન....
મુ. ભુખી,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી મધવાસ અ. સેવ સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. મધવાસ,
તા. કાલોલ,
જી. પંચમહાલ